**ૐ પ્રેસ નોટ ૐ** **તા.૦૯/૦૫/૨૦૨૩**

**અમરેલી જિલ્લાના ધારી પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં છેલ્લા ૮ માસથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ** નાઓએ અમરેલી જીલ્લામા ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે ધારી પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં.૧૧૧૯૩૦૧૮૨૨૦૫૭૫/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૬૩,૩૬૬ તથા પોકસો એકટ કલમ ૧૮** મુજબના ગુનાનો સહ આરોપી છેલ્લા ૮ માસથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે આજ રોજ તા.૦૯/૦૫/૨૦૨૩ નાં રોજ ધારી ગામેથી મજકુર આરોપીને પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

**નરેશ પ્રવિણભાઇ પરમાર, ઉ.વ.૨૧, રહે.ધારી, મામલતદાર કચેરી પાછળ, તા.ધારી, જિ.અમરેલી.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.ડી.સરવૈયા** તથા **હેડ કોન્સ આદિત્યભાઇ બાબરીયા** તથા **પો.કોન્સ. શિવરાજભાઇ વાળા, તુષારભાઇ પાંચાણી** દ્વારા કરવામાં આવેલ છે.

**ઃપ્રેસ નોટઃ**　　　　**તા.૧૦/૦૫/૨૦૨૩**

**વાહન તથા પશુધનની ચોરીઓ કરતી ગેંગને કુલ કિં.રૂ.૫,૭૮,૨૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી, અમરેલી, ભાવનગર, બોટાદ, રાજકોટ, મોરબી જિલ્લા સહિતની કુલ – ૨૪ ચોરીઓના ગુનાઓ ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ જીલ્લામાં મિલ્કત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢી, આવા ગુન્હેગારો પકડી પાડી, ચોરીમાં ગયેલ પુરેપુરો મુદ્દામાલ રીકવર કરી, મુળ માલિક ને પરત મળી રહે તે મુજબ અસરકારક કામગીરી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ.એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ એલ.બી.ટીમ દ્વારા ચોક્કસ માહિતી મેળવી વાહન ચોરીઓ તથા ઘેંટા બકરાઓની ચોરી કરનાર ગેંગના સભ્યોને સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામેથી ડેડકડી ગામ જવાના રસ્તેથી ઝડપી લઇ વાહન, મોબાઇલ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી અમરેલી, ભાવનગર, બોટાદ, રાજકોટ, મોરબી જિલ્લાઓમાં થયેલ ૨૪ ચોરીઓનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવેલ છે.

**➡ પકડાયેલ આરોપીની વિગતઃ-**

(૧) અક્ષય કાજાભાઇ ઉર્ફે જહમતભાઇ વાઘેલા, ઉ.વ.૨૫, રહે.સનાળા, તા.વડીયા, જિ.અમરેલી.

(૨) રામકુ કાજાભાઇ ઉર્ફે જહમતભાઇ વાઘેલા, ઉ.વ.૨૨, રહે.સનાળા, તા.વડીયા, જિ.અમરેલી.

(૩) સુનીલ કાજાભાઇ ઉર્ફે કાદુભાઇ ચારોલીયા, ઉ.વ.૨૩, રહે.લાઠી, દુધાળા ગામ જવાના રસ્તે, તા.લાઠી જિ.અમરેલી

(૪) ધીરૂભાઇ કેશુભાઇ વાઘેલા, ઉ.વ.૫૦, રહે.ચુંપણી, પાવર હાઉસ સામે, તા.હળવદ જિ.મોરબી

**➡ આરોપીઓ પાસેથી મળી આવેલ મુદ્દામાલઃ-**

(૧) એક સીલ્વર કલરનુ સ્પ્લેન્ડર મોટર સાયકલ રજી. નંબર GJ 03 BL 1033 ની કિ.રૂ.૩૦,૦૦૦/-

(૨) એક OPPO કંપનીનો A54 મોડેલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦૦/-

(૩) એક હીરો કંપનીનુ સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ રજી.નં GJ 11 AN 2487 કિ.રૂ.૨૬,૦૦૦/-

(૪) એક વીવો કંપનીનો વાય-૧૫ મોડેલનો એન્ડ્રોઇડ મોબાઇલ કિ.રૂ. ૯૨૦૦/-

(૫) એક સીલ્વર કલરનો OPPO કંપનીનો A15S મોડેલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦૦/-

(૬) એક મહીન્દ્રા એન્ડ મહીન્દ્રા કંપનીની BOLERO MAXX PIK-UP PUP CITY 3000 વાહન નંબર પ્લેટ વગરની જેની કિ.રૂ ૫,૦૦,૦૦૦/-

(૭) રોકડા રૂ.૩,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૫,૭૮,૨૦૦/- નો મુદ્દામાલ.**

## **➪પકડાયેલ આરોપીઓએ ગુનાઓની આપેલ કબુલાતની વિગતઃ-**

પકડાયેલ ઇસમોની સઘન પુછપરછ કરતાં, તેના સાગરીતો સાથે મળી નીચે મુજબના ગુનાઓ કરેલ હોવાની કબુલાત આપેલ છે.

(૧) આજથી આશરે દસેક મહિના પહેલા અમરેલી જિલ્લાના લીલીયા ખાતે રાત્રીના પાનમાવાની દુકાનનો નકુચો તોડી દુકાનમાથી કાપેલી સોપારી આશરે ચારેક કિલો જેટલી ચોરી કરેલ હતી અને ત્યાથી ગાયત્રી મંદીર પાસે આવેલ ચબુતરા ના દરવાજાનો નકુચો તોડેલ પરંતુ ત્યાથી કંઇ મુદામાલ મળેલ નહી બાદ થોડે નજીકમાથી એક ગેસ ની એજન્સીની ઓફીસના દરવાજાનો નકુચો તોડેલ પરંતુ ત્યાથી પણ કંઇ મુદ્દામાલ મળેલ નહી બાદ નજીકમાથી એક શેરીમા પડેલ એક શાઇન મોટર સાયકલની ચોરી કરી એ મોટર સાયકલ લઇને ત્રણેય ઇસમો ત્યાથી જતા રહેલ હતા. જે બાબતે ખરાઇ કરતા **લીલીયા પોલીસ સ્ટેશન ગુ.ર.ન. ૧૧૧૯૩૦૩૫૨૨૦૩૬૫/૨૦૨૨ ઇ.પી.કો ૩૭૯,૩૮૦,૪૫૭,૫૧૧ મુજબ** ગુન્હો થયેલનુ તથા મોટર સાયકલ જે તે સમયે રીકવર થયેલનુ જણાય આવેલ.

(૨) આજથી આશરે દોઢેક મહિના પહેલા મહુવા તાલુકાના ઉચા કોટડા ખાતેથી મંદીર પાસેથી એક સ્પલેન્ડર મોટરસાયકલ ની ચોરી કરેલ હતી અને તેમા પેટ્રોલ પુરૂ થઇ જતા નજીકમા મુકી નાસી ગયેલ હતા. જે બાબતે ખરાઇ કરતા **ભાવનગર જિલ્લાના દાઠા પોલીસ સ્ટેશન ગુ.ર.ન.૧૧૧૯૮૦૧૪૨૩૦/૨૦૨૩ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ** ગુન્હો રજી થયેલનુ તથા મોટર સાયકલ જે તે સમયે રીકવર થયેલનુ જણાય આવેલ.

(૩) આજથી આશરે બારેક દિવસ પહેલા સાવરકુંડલા તાલુકાના વિજપડી ખાતેથી આશરે બપોરના સમયે એક સીલ્વર કલરની સ્પ્લેન્ડર મોટર સાયકલ ની ચોરી કરેલ હતી.જે બાબતે ખરાઇ કરતા **સાવરકુંડલા રૂરલ પો.સ્ટે ગુ.ર.ન.૧૧૧૯૩૦૫૩૨૩૦૧૪૭/૨૦૨૩ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ** રજી થયેલ છે. જે મોટર સાયકલ કબ્જે કરવામાં આવેલ છે.

(૪) આજથી ત્રણેક મહિના પહેલા સાવરકુંડલા અમરેલી રોડ પરથી એક હોન્ડા સીબી શાઇન મોટરસાયકલ જેના રજી નં.GJ 05 SD 2021 વાળુ ચોરી કરી પેટ્રોલ પુરૂ થઇ જતા ચરખડીયા ગામ પાસે મુકી નાસી ગયેલ જે બાબતે ખરાઇ કરતા **સાવરકુંડલા રૂરલ પો.સ્ટે ગુ.ર.ન. ૧૧૧૯૩૦૫૩૨૩૦૦૮૨/૨૦૨૩ ઇ.પી.કો કલમ ૩૭૯, ૪૪૭ મુજબ** રજી થયેલનુ તથા મોટર સાયકલ જે તે સમયે રીકવર થયેલનુ જણાય આવેલ.

(૫) આજથી આશરે દસેક દિવસ પહેલા સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામેથી એક પેટ્રોલ પંપમા પેટ્રોલ પુરાવવા ગયેલ અને ત્યા એક ભાઇ સુતા હોય તેનો મોબાઇલ ફોન ચોરી કરી નાસી ગયેલ.જે બાબતે ખરાઇ કરતા **સાવરકુંડલા રૂરલ પો.સ્ટે ગુ.ર.ન. ૧૧૧૯૩૦૫૩૨૩૦૧૪૯/૨૦૨૩ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ** રજી થયેલ છે. જે મોબાઇલ ફોન કબ્જે કરવામાં આવેલ છે.

(૬) આજથી આશરે દસેક દિવસ પહેલા સાવરકુંડલા તાલુકાના છાપરી ગામેથી બે બકરા ની ચોરી કરેલ હતી. જે બાબતે ખરાઇ કરતા **સાવરકુંડલા રૂરલ પો.સ્ટે ગુ.ર.ન.૧૧૧૯૩૦૫૩૨૩૦૧૪૨/૨૦૨૩ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ** રજી થયેલ છે

(૭) આજથી આશરે ત્રણેક મહિના પહેલા મોરબી ખાતેથી દરબાર ગઢ પાસેથી એક સીલ્વર કલરની સ્પ્લેન્ડર મોટર સાયકલની ચોરી કરેલ હતી. જે બાબતે ખરાઇ કરતા **મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમા ઇ એફ.આઇ.આર રજી** થયેલ હોવાનુ જણાય છે. જે મોટર સાયકલ કબ્જે કરવામાં આવેલ છે.

(૮) આજથી આશરે ચારેક મહિના પહેલા **બાબરા અમરાપરા** ખાતેથી એક મોટર સાયકલ ચોરી કરેલ અને તેમા પેટ્રોલ પુરુ થઇ જતા બાબરા ખાતે જ મુકી નાસી ગયેલ હતા.

(૯) આજથી આશરે દસેક દિવસ પહેલા **ભાવનગર જિલ્લાના દાઠા પાસે આવેલ વાલર ગામેથી** એક સ્પ્લેન્ડર મોટર સાયકલની ચોરી કરેલ અને આ મોટર સાયકલ સાવરકુંડલા તાલુકાના લુવારા ગામે પહોચતા પેટ્રોલ પુરુ થઇ જતા મુકી દિધેલ જે બાબતે ખરાઇ કરતા મોટર સાયકલ ફરીયાદીને પરત મળેલ હોવાનુ જણાઇ આવેલ છે.

(૧૦) આજથી આશરે દસેક દિવસ પહેલા **સાવરકુંડલા તાલુકાના લુવારા ગામે**થી એક ડીલક્ષ મોટર સાયકલ ની ચોરી કરેલ અને આ મોટર સાયકલ કુકાવાવ પાસે આવેલ અનિડા ગામના પાટીયા પાસે પહોચતા પેટ્રોલ પુરુ થઇ જતા મુકી દિધેલ જે બાબતે ખરાઇ કરતા મોટર સાયકલ ફરીયાદીને પરત મળેલ હોવાનુ જણાઇ આવેલ છે.

(૧૧) આજથી આશરે પાચેક મહિના પહેલા **સાવરકુંડલા તાલુકાના છાપરી** ગામેથી રાત્રીના સમયે ત્રણ બકરાની ચોરી કરેલ હતી.

(૧૨) આજથી આશરે પાચેક મહિના પહેલા **સાવરકુંડલા તાલુકાના છાપરી** ગામેથી બે બકરાની ચોરી કરેલ હતી.

(૧૩) આજથી આશરે છ એક મહિના પહેલા **સાવરકુંડલા તાલુકાના વિજપડી** ગામેથી છ ઘેટા (ગાડર)ની ચોરી કરેલ હતી.

(૧૪) આજથી આશરે પાચેક મહિના પહેલા **સાવરકુંડલા તાલુકાના વિજપડી** ગામેથી સાત ઘેટા (ગાડર)ની ચોરી કરેલ હતી.

(૧૫) આજથી આશરે ચારેક મહિના પહેલા **બાબરા તાલુકાના કરીયાણા** ગામેથી બે બકરા ની ચોરી કરેલ હતી.

(૧૬) આજથી આશરે ત્રણેક મહિના પહેલા **બોટાદ જિલ્લાના ઢસા નજીક આવેલ જલારપર** ગામેથી એક દેવીપુજકના વાડામાથી ત્રણ બકરાની ચોરી કરેલ હતી.

(૧૭) આજથી આશરે બે એક મહિના પહેલા **બોટાદ જિલ્લાના ઢસા નજીક આવેલ ઉમરડા** ગામેથી ચાર બકરા ની ચોરી કરેલ હતી.

(૧૮) આજથી આશરે બે એક મહિના પહેલા **રાજકોટ જિલ્લાના જેતપુર પાસે આવેલ સુલતાનપુર** ગામેથી બે બકરાની ચોરી કરેલ હતી.

(૧૯) આજથી આશરે બે એક મહિના પહેલા **બોટાદ જિલ્લાના ઢસા નજીક આવેલ ઉમરડા** ગામેથી એક વાડી માથી બે બકરા ની ચોરી કરેલ હતી.

(૨૦) આજથી આશરે બે એક મહિના પહેલા **ભાવનગર જિલ્લાના શિહોર થી સોનગઢ** વચ્ચે આવેલ ભરવાડની જોકમાથી પાંચ બકરાની ચોરી કરેલ હતી.

(૨૧) આજથી આશરે બે એક મહિના પહેલા **સાવરકુંડલા તાલુકાના છાપરી** ગામેથી બે બકરા ની ચોરી કરેલ હતી.

(૨૨) આજથી આશરે દોઢેક મહિના પહેલા **શિહોર થી આગળ ધાંધળી** પાસેથી આઠ બકરા ચોરી કરેલ હતા.

(૨૩) આજથી આશરે એકાદ મહિના **લાઠી તાલુકાના ચાવંડ** ગામેથી રાત્રીના સમયે પંદર બકરા ની ચોરી કરેલ હતી.

(૨૪) આજથી આશરે એકાદ મહિના પહેલા **સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે**થી રાત્રીના સમયે સત્તર બકરા ની ચોરી કરેલ હતી.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકરસિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ**, તથા **પો.સ.ઇ.શ્રી એમ.ડી.સરવૈયા**, તથા**અમરેલી એલ.સી.બી.નાએ.એસ.આઇ. જીગ્નેશભાઇ અમરેલીયા, યુવરાજસિંહ રાઠોડ, જાવેદભાઇ ચૌહાણ** તથા **હેડ કોન્સ. મનીષભાઇ જાની, નિકુલસિંહ રાઠોડ** તથા **પો.કોન્સ. રાહુલભાઇ ઢાપા, તુષારભાઇ પાંચાણી, અશોકભાઇ સોલંકી** દ્વારા કરવામાં આવેલ છે.